| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધિકારી,**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**<br>**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |


**તા.૧૬/૦૫/૨૦૨૫ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૫૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૭૩૭ લીટર દેશી દારૂ, ૩૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, બિયર ટીન, ૧ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૪,૫૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૫૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૬૫૭/૨૦૨૫**

**વેજલપુરઃ** તનવીરઅહેમદ મોહમદઉમર દારૂવાલા (ઉ.વ.૫૮)(રહે.મુસ્કાન બંગ્લોઝ, બિસ્મીલ્લા મસ્જીદ પાસે, કેનાલ પાછળ ફતેવાડી) એ તા.૧૫/૦૫/૨૦૨૫ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે સપ્ટેમ્બર/૨૦૨૪ પહેલા દોઢેક વર્ષથી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અમીનભાઇ હસમતભાઇ મેમણ (રહે.નીકી ડુપ્લેક્ષ, હાજી સુલેમાનપાર્ક, રજ્જાક મસ્જીદ પાસે, ૧૦૦ ફુટ રીંગ રોડ ફતેવાડી) એ પોતે ગાડી લે-વેચ નો ધંધો કરતો હોવાનુ અને ધંધામાં સારો એવો નફો મળે છે તેમજ પોતાના ધંધા માટે મુડીની જરૂરીયાત હોવાનુ કહી તનવીરઅહેમદને જણાવેલ કે "જો તમે મારા ધંધામાં મુડી રોકાણ કરશો તો હું તમને માસીક ૨ ટકા લેખે નફો આપીશ" તેમ કહી તનવીરઅહેમદ પાસેથી રૂપિયા ૬,૦૦,૦૦૦/- તેમજ અન્ય નવ સાહેદ પાસેથી મળી કુલ રૂપિયા ૬૮,૮૦,૯૩૪/- મેળવી લઇ જઇ, આજદિન સુધી રૂપિયા પરત નહી આપી તનવીરઅહેમદ દારૂવાલા તેમજ નવ સાહેદ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**ક્રાઇમબ્રાંચઃ** પવનકુમાર નાનુરામ અગ્રવાલ (ઉ.વ.૫૬)(રહે.સ્કાયસીટી વર્નીસ બંગ્લોઝ, શેલા) એ તા.૧૫/૫/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૪/૨૦૨૨ થી તા.૨૭/૧૧/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન રાયપુર અંકુરમીલની બાજુમાં નુતન કલોથ માર્કેટ દુકાન નંબર.૩૨ ખાતે "કલારીધાન ટ્રેન્ડઝ લીમીટિડ", "મનીષ ગારમેન્ટ" તથા "આદિત્ય એકઝીમ" ના ડીરેક્ટરો (૧) નિરંજન દ્વવારીકાપ્રસાદ અગ્રવાલ (૨) સુનિતાદેવી વા/ઓ નિરંજન અગ્રવાલ અને (૩) આદિત્ય નિરંજન અગ્રવાલ (ત્રણેય રહે.જુના આરાધના કમ્પાઉન્ડ, નારોલ-વટવા રોડ, નારોલ તથા શ્રીનાથ કોલોની, ભૈરવનાથ રોડ, મણીનગર) એ ભેગામળી પવનકુમાર અગ્રવાલ તેમજ અન્ય સાહેદ વેપારીઓ પાસેથી કાપડમાં વપરાતા કલર કેમીકલ કુલ કિમત રૂપિયા ૭,૪૭,૩૨,૫૭૧/- ઉધારીમાં ખરીદી કર્યા બાદ ૯૦ દિવસમાં પેમેન્ટ ચુકવવાનો ભરોસો આપી રૂપિયા ૩,૬૯,૦૨,૮૬૪/- ચુકવી બાકી નિકળતા રૂપિયા ૩,૭૮,૨૯,૭૦૭/- આજદીન સુધી નહી ચુકવી પવનકુમાર અગ્રવાલ તેમજ અન્ય સાહેદ વેપારીઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.રાઠોડ ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૬૫૮/૨૦૨૫**

**સાબરમતીઃ** ચન્દ્રભાન સાધુસરણ મૌર્ય (રહે.પ્રેમાવતી સોસાયટી, પદ્માવતી સોસાયટી પાસે, સામર્થ્ય સ્ટેટસ સામે, કાળી કલચર ગાર્ડન પાસે, ડી–કીબીન સાબરમતી) એ તા.૧૫/૦૫/૨૦૨૫ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૫/૨૦૨૫ રાતના ૧૧/૪૫ થી તા.૧૪/૦૫/૨૦૨૫ સવારના ૮/૨૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૨,૪૧,૪૮૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.એન.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૬૫૯/૨૦૨૫**

**ચાંદખેડાઃ** ગણપતભાઈ નરસિંગભાઈ પઢીયાર (ઉ.વ.૫૦)(રહે.ભગવતીનગર વસાહત, આઈ.ઓ.સી.રોડ, ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૫/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ધાબા ઉપર જવાની લોખંડની સીડી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી આનંદકુમાર પરષોત્તમભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી